માનનીય જસ્ટીસશ્રી, એચ.એસ.બેદી, ભૂતપૂર્વ ન્યાયાધીશશ્રી, સુપ્રિમકોર્ટ ઓફ ઇન્ડિયા અને ચેરમેનશ્રી, મોનીટરીંગ ઓથોરીટીના પગાર ભથ્થા અને નિમણુંકની શરતો અને બોલીઓ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૦૯/૧૬૧૫૬/પાર્ટ-૨
સચિવાલય, ગાંધીનગર
તારીખ: 25 APR 2012

વંચાણે લીધા :- (૧) ગૃહ વિભાગ ઠરાવ ક્રમાંક: SB-I/KAV/102009/16156 તા.૧૩/૩/૨૦૧૨.
(૨) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક: પગર/૧૦૦૯/૬૬/પગાર એકમ(ચ) તા.૩/૧૨/૨૦૧૧.

**આમુખ:-**

ગૃહ વિભાગના તા.૧૬/૯/૨૦૧૦ના નોટીફીકેશન ક્રમાંક: SB-I/KAV/102009/16156 થી ગુજરાત રાજ્યમાં થયેલ પોલીસ એન્કાઉન્ટર બાબતે તપાસ કરવાના હેતુસર એસ.ટી.એફ. (સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ) અને મોનીટરીંગ ઓથોરીટીની રચના કરવામાં આવેલ છે. તે અન્વયે સંદર્ભ (૧) સામે દર્શાવેલ ગૃહ વિભાગના તા.૧૩/૩/૨૦૧૨ના ઠરાવ અન્વયે મોનીટરીંગ ઓથોરીટીના ચેરમેનશ્રી તરીકે માનનીય જસ્ટીસશ્રી એચ.એસ.બેદી, ભૂતપૂર્વ ન્યાયાધીશશ્રી, સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડિયા, નવી દિલ્હીની નિમણૂક કરવામાં આવેલ છે.

માનનીય જસ્ટીસશ્રી એચ.એસ.બેદી, ચેરમેનશ્રી મોનીટરીંગ ઓથોરીટીના પગાર-ભથ્થાં તેમજ નિમણુંકની શરતો અને બોલીઓ નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

આથી પુખ્ત વિચારણાનાં અંતે સંદર્ભ (૨) માં દર્શાવેલ નાણા વિભાગના તા.૩/૧૨/૨૦૧૧ના ઠરાવની જોગવાઈ મુજબ માનનીય જસ્ટીસશ્રી એચ.એસ.બેદી, ચેરમેનશ્રી, મોનીટરીંગ ઓથોરીટીને ચુકવવાપાત્ર પગાર – ભથ્થાં તેમજ તેઓની સેવાની શરતો અને બોલીઓ નીચે મુજબ ઠરાવવામાં આવે છે:-

૧. શ્રી એચ.એસ.બેદી, નિવૃત નામદાર મુખ્ય ન્યાયાધીશશ્રી, સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયાને મોનીટરીંગ ઓથોરીટીના ચેરમેનશ્રી તરીકે "પે - માઈનસ પેન્શન" ના ધોરણે નિમણૂક આપવામાં આવે છે.

૨. તેઓશ્રીને ક – ટાઈપનું અથવા સમકક્ષ રેન્ટ ફ્રી સરકારી આવાસ મળવાપાત્ર થશે અથવા વિકલ્પે અધિક મુખ્ય સચિવશ્રી કક્ષાના અખિલ ભારતીય સેવાના અધિકારીઓને મળવાપાત્ર દરે અને શરતોને આધીન ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થશે અને વધારાનું કોઈ ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થશે નહીં.

૩. તેઓશ્રીને સરકારી કામ માટે અખિલ ભારતીય સેવાના અધિક મુખ્ય સચિવશ્રી કક્ષાના અધિકારીઓને મળવાપાત્ર વાહનની સેવા મળવાપાત્ર થશે. તેઓને અન્ય કોઈ કન્વેયન્સ એલાઉન્સ મળવાપાત્ર થશે નહીં. વાહનના ડ્રાઈવર માટે તેઓને રૂ. ૪૫૦૦/- ની માસિક ફિક્સડ રકમ મળવાપાત્ર થશે. ડ્રાઈવરની સેવા આઉટસોર્સીંગથી પુરી પાડવા વિચારણા કરવાની રહેશે.

૪. તેઓશ્રીને સરકારી કામ માટે પ્રવાસ માટે અખિલ ભારતીય સેવાના અધિક મુખ્ય સચિવશ્રી કક્ષાના અધિકારીઓને મળવાપાત્ર હવાઈ મુસાફરી તેમજ રેલવે મુસાફરી માટે સમકક્ષ ગણવાના રહેશે. પ્રવાસ દરમ્યાન અધિક મુખ્ય સચિવશ્રીને મળવાપાત્ર દરે દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે.

૫. તેઓશ્રીને નિવૃત્તિ બાદની નિમણૂક દરમ્યાન તબીબી સારવારનો લાભ મળવાપાત્ર થશે.

૬. તેઓશ્રીને રહેઠાણના સ્થળે ચાર વર્તમાનપત્ર તેમજ બે મેગેઝીન મળવાપાત્ર થશે.

૭. તેઓશ્રીને અખિલ ભારતીય સેવાના અધિક મુખ્ય સચિવશ્રી કક્ષાના અધિકારીઓને મળવાપાત્ર ટેલિફોન તેમજ મોબાઈલ સેવા મળવાપાત્ર થશે.

૮. તેઓશ્રીના નિવાસસ્થાને કોમ્પ્યુટર તેમજ લેપટોપની સેવા મળવાપાત્ર થશે.

૯. તેઓશ્રીને નિવૃત્તિ બાદની તેઓની નિમણુંકના દર એક વર્ષ દરમ્યાન બાર પરચૂરણ રજાઓ તેમ જ ત્રીસ હક્ક રજા મળવાપાત્ર થશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગની તા. ૯/૪/૨૦૧૨ ના રોજની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(કિશોર પી. દેસાઈ)**
ઉપ સચિવ (કા×વ્ય)
ગૃહ વિભાગ

પ્રતિ,

- માનનીય જસ્ટીસશ્રી એચ.એસ.બેદી, ચેરમેનશ્રી, મોનીટરીંગ ઓથોરીટી, બંગલા નં. ૨૦૧/૧, ગ/૧ ટાઈપ, સેકટર – ૩૦, ગાંધીનગર.

**નકલ સવિનય રવાના:-**

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ. (પત્ર દ્વારા)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી – ૧ (ઓડીટ), ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી – ૨ (એ. એન્ડ ઈ.), ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(કા×વ્ય) ના અંગત મદદનીશશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, ગૃહ વિભાગ - વેબસાઈટ ઉપર મૂકવા સારૂ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- શાખા સિલેકટ ફાઇલ.